હરિૐ આશ્રમ પ્રેરિત પ્રકાશન

# રમતાં રમતાં રાત પડી

ફિલિપ ક્લાર્ક

ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ

૩૯/૨

હરિ ૐ આશ્રમ પ્રેરિત

શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા : પુસ્તક ઓગણચાળીસમું

રમતાં રમતાં રાત પડી રમતાં રમતાં રાત પડી રમતાં રમતાં રાત પડી

# રમતાં રમતાં રાત પડી

ફિલિપ ક્લાર્ક

ગુજરાતી સાહિત્ય પરિષદ

આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ – ૩૮૦ ૦૦૯

Ramatan Ramatan Raat Padi
Poems for children by Philip Clarke


પ્રકાશક : રઘુવીર ચૌધરી
મંત્રી,
ગુજરાતી સાહિત્ય પરિષદ
આશ્રમ માર્ગ, નદીકિનારે
અમદાવાદ – ૩૮૦ ૦૦૯


© ભારતી ક્લાર્ક


પ્રથમ આવૃત્તિ : ૧૯૮૩

પ્રત : ૧૨૫૦

કિંમત : રૂ. ૧/૫૦

આવરણ-સંયોજન : માધવ રામાનુજ

આવરણ-મુદ્રણ : દીપક પ્રિન્ટરી,
અમદાવાદ – ૩૮૦ ૦૦૧

મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય,
રાયખડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧



આભાર

જોસેફ મૅકવાન, હરિકૃષ્ણ પાઠક, કિશોર ગાંધી, માધવ રામાનુજ
ધીરુ પરીખ, સુરેશ દલાલ, હરિ ૐ આશ્રમ, ગુજરાતી સાહિત્ય પરિષદ

રમકડું, કવિલોક, નવનીત, રચના, દૂત,
વાહ રે વાહ, બાલમિત્ર, બાલમસ્તી

પ્રીતિ – મિલન – સ્નેહલ – અંજના – સંદીપ – પીટર

સમીર – મૃગેશ – પારૂલ – અમી – મેરી

શિલ્પા – અલ્પા – રુચિર – રાકેશ

મમતા – સચીન – સપના

કુંજલ – કોમલ

હાર્દિક - અસીમ – હનીફ

તથા સેંકડો પ્રિય બાળમિત્રોને સપ્રેમ....

# શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

શ્રી હરિ ૐ આશ્રમ તરફથી બાળકોનું ચારિત્ર્યઘડતર કરે તેવાં બાલસાહિત્યના સર્જન માટે ગુજરાતી સાહિત્ય પરિષદને રૂ. ૧૨,૦૦૦નું દાન આપવામાં આવ્યું છે. બાળકોમાં અભય, ઔદાર્ય, ત્યાગ, ધર્મ, તિતિક્ષા, સહાયવૃત્તિ, મતાંતરક્ષમા, સાહસ, શૌર્ય, પ્રેમ, સદ્ભાવ જેવાં ઉદાત્ત ગુણો અને ભાવનાઓ પ્રેરે તેવાં બાલસાહિત્યનું સર્જન કરવાનો આનો હેતુ છે. આ ઉદ્દેશને પ્રગટ કરતાં ચરિત્રો, વાર્તાઓ, નાટિકાઓ અને કથાકાવ્યો ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રગટ કરવામાં આવ્યાં છે. ૧૯૬૭ થી શરૂ થયેલી આ ગ્રંથમાળાનું આ ઓગણચાળીસમું પ્રકાશન બાલકાવ્યોનું છે. ફિલિપભાઈનાં આ બાલકાવ્યો બાળકો જરૂર હોંશે હોંશે વાંચશે અને ગાશે.

ગુજરાતનાં બાળકોએ અગાઉ અમારાં પ્રકાશનોને જે રીતે આવકાર્યાં છે તે રીતે આ બાલકાવ્યોને પણ આવકારશે તેવી અમને શ્રદ્ધા છે.

મંત્રીઓ

તા. ૧૫-૪-'૮૩

ગુજરાતી સાહિત્ય પરિષદ

## ચાંદો

વાદળમાં ખોવાયો ચાંદો;
આંખે ત્યાં ડોકાયો ચાંદો.

વૃક્ષે-વૃક્ષે જંગલ-જંગલ;
વાયુમાં પથરાયો ચાંદો.
પંખી કેરી ચાંચ અડી ત્યાં-
પાણીમાં પીંખાયો ચાંદો.
ઊણો ઊણો થઈને પાછો;
પૂનમમાં છલકાયો ચાંદો.
સૂરજનાં અજવાળાં દેખી;
દિવસમાં મૂંઝાયો ચાંદો.

'બાળપણ કેવું હતું'—ની યાદ છે;
ક્યાંક ખૂણામાં પડેલી સ્લેટ છું.

એપ્રિલ, ૧૯૮૩
૮૧/૩, સેક્ટર, ૧૬
ગાંધીનગર-૩૮૨ ૦૧૬

ફિલિપ કલાર્ક

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| રમતાં રમતાં રાત પડી | ૭ | પરોઢિયું | ૨૨ |
| એન ઘેન દીવા ઘેન | ૮ | પ્રભાતે | ૨૨ |
| બોલ અને તોલ | ૯ | વાયરો | ૨૩ |
| ફૂલ અને શૂલ | ૧૦ | દિવાળીનાં જોડકણાં | ૨૪ |
| રંગ ગયા વેરાઈ | ૧૧ | રંગમાં ભંગ | ૨૫ |
| સૂરજદાદા | ૧૨ | મને ગમે | ૨૬ |
| વિનંતી | ૧૩ | સમજે નહીં...ને | ૨૭ |
| આભનું ગીત | ૧૪ | લાગે પ્યારા... પ્યારા... | ૨૮ |
| વરસાદ આવતાં | ૧૪ | સૌને ગમશું | ૨૯ |
| ફરિયાદ | ૧૫ | ઝૂલતો ઝૂલો | ૩૦ |
| આજ મને એમ થાય | ૧૬ | સૂરજ | ૩૧ |
| ઝઘડો | ૧૭ | માગણી | ૩૨ |
| બાબાભાઈ ગપ્પાદી. | ૧૮ | બગલો અને ડગલો | ૩૩ |
| મમ્મી મમ્મી દે રજા તો... | ૧૯ | કાગડાભાઈ | ૩૪ |
| મોટર | ૨૦ | કાગળની હોડી | ૩૫ |
| મોજાંનું સંગીત | ૨૧ | સંતાકૂકડી | ૩૬ |

# રમતાં રમતાં રાત પડી

રમતાં રમતાં રાત પડી;
પકડા-પકડી ધમાચકડી.
છેલ્લી ટુકડી છેલ્લો દાવ;
નીરજ નેહા રમવા આવ.
છોડી દો ઝઘડા-ઝઘડી;
રમતાં રમતાં રાત પડી.

દોરડાં કૂદે છોકરીઓ;
રણકે ઝીણી ઝાંઝરીઓ.
આવો ને બેસો બે ઘડી;
રમતાં રમતાં રાત પડી.

ચાંદામામા કહેતા વાત;
હસતા તારા પડતી ભાત.
બેઠાં તો લો ખાલી ચડી.
રમતાં રમતાં રાત પડી.

પંખીડાં પોઢ્યાં માળે;
ફૂલો ઊંઘે છે ડાળે.
શીરો પૂરી ને ફૂલવડી;
રમતાં રમતાં રાત પડી.

નાનાં સપનાં આવે છે;
મીઠી નિંદર લાવે છે.
સપનામાં દેખાય પરી;
રમતાં રમતાં રાત પડી.

# એન ઘેન દીવા ઘેન

એન ઘેન દીવા ઘેન,
બેબીબેન તે બેબીબેન.

વાત વાતમાં ગુસ્સે થાય;
રીસાઈ ખૂણે પેસી જાય.

તોડી નાખે પાટી-પેન,
બેબીબેન તે બેબીબેન.

લખતાં લખતાં થાકી જાય
વાંચતાં વાંચતાં ઊંઘી જાય;

દાખલા ગણતાં થાય બેચેન
બેબીબેન તે બેબીબેન.

રમતાં રમતાં થાકી જાય,
રાતે વહેલાં ઊંઘી જાય;

સવારે એમને ચડતું ઘેન,
બેબીબેન તે બેબીબેન.

# બોલ અને તોલ

દેડકી બોલે ડ્રાંઉં;
પાણી પીઉં કે ખાઉં ?

તમરાં બોલે તમ;
વરસાદ પડે ધમ.

કાગડો બોલે કા;
એઠું જૂઠું ખા.

કબૂતર બોલે ઘૂ;
ઈશ્વર એક તું.

કૂકડો બોલે કૂક;
આળસ તું મૂક.

વાંદરો બોલે હૂપ!
કેમ બધાં ચૂપ!

બેબી બોલે માડી,
લાવે કેટલી સાડી?

આભલું કૈં બોલે ના,
ગીત એની તોલે ના.

# ફૂલ અને શૂલ

સરવર વાતો વાયરો મંદ;
ફરફર કંઈ ફરકે સુગંધ,

આવો પ્યારાં કરીએ વાત;
ફોરમ ઓઢી ફરતી રાત.

હંસો તરતા સરવરપાળ;
ખીલ્યાં ફૂલો ડાળે ડાળ.

ફૂલની જુઓ નોખી ટેક;
મસળો તો દે મીઠી મ્હેક.

રંગ બેરંગી ખીલ્યાં ફૂલ;
થોડાં ફૂલ ને ઝાઝી શૂલ.

# રંગ ગયા વેરાઈ

મેં તો રંગ બેરંગી દીઠું પતંગિયું
એને હૈયામાં સંતાડું;
એને આંખોમાં બેસાડું.

હરતું ફરતું આવ્યું હેઠું;
પાંખ પ્રસારી ફૂલ પર બેઠું.

એને પાંપણ વચ્ચે પકડું ત્યાં,
એને નજરો વચ્ચે જકડું ત્યાં.

ફરફર કરતું ઊડયું આભમાં
હવા ગઈ લહેરાઈ

ખરખર કરતી ખરી પાંદડી,
રંગ ગયા વેરાઈ.

# સૂરજદાદા

સવારમાં પંખીઓ બોલે,
સૂરજદાદા બારી ખોલે.

રંગબેરંગી ફૂલો ખીલે;
આકળ ફણો તડકો ઝીલે.

ઠંડો મીઠો વાયુ ડોલે;
સૂરજદાદા બારી ખોલે.

ધીરે ધીરે દિવસ ઊગે;
ચીં ચીં ચકલી દાણા ચૂગે.

ઘૂ....ઘૂ....કરવા માંડયું હોલે;
સૂરજદાદા બારી ખોલે.

ગામ આખું યે નિંદર ત્યાગે;
નાનાં નાનાં સમણાં જાગે.

ઝાડ પાંદડાં ચડતાં ઝોલે;
સૂરજદાદા બારી ખોલે.

# વિનંતી

મમ્મી મને રમવા જવા દે.
ભેરુ ભેળો ભમવા દે.
ચકલીબેન જો રમે છે ધૂળમાં,
પતંગિયાં હસે છે બેસીને ફૂલમાં,
સુગંધ ફૂલોની લેવા દે....
બે ઘડી બાગમાં બેસવા દે.
મમ્મી મને રમવા જવા દે.
લેલા હોલા ને કાબરો બોલતી,
ગાતી કોયલ, ને મંજરીઓ ડોલતી,
પોપટ સાથે વાત કરવા દે.
લીલાં છમ્મ મરચાં ખાવા દે.
મમ્મી મને રમવા જવા દે.

## આભનું ગીત

આભલું ગીત ગાતું;
દરિયે જઈ લહેરાતું.

હલાવીને ડાળીઓ;
ઝાડ પાડે તાળીઓ.

પાંદડે બેઠો વાયરો;
માંડયો એણે ડાયરો.

ઠંડી ઠંડી રેતી,
છીપને વાતો કહેતી.

મોજાં પાણી ઉડાડે,
કિનારાને રમાડે.

## વરસાદ આવતાં

લીલી લીલી વનરાજીમાં ગ્હેકી ઊઠે મોર,
કાળી કાળી વાદળિયુંમાં ઝબકે ઝીણી વીજ;
ઝબકારામાં ચળકી ઊઠે ભીની ભીની ચીજ.
સૂરજદાદા ના ડોકાતાં થાય અંધારું ઘોર;
લીલી લીલી, વનરાજીમાં ગ્હેકી ઊઠે મોર.
પલળેલી માટીની આવે મીઠી મીઠી ગંધ;
નદી નાળાં, છલકી ઊઠે છલકે મોટા બંધ.
વાદળના ઘૂંઘટમાં ચળકે ચાંદા કેરી કોર;
લીલી લીલી વનરાજીમાં ગ્હેકી ઊઠે મોર.

# ફરિયાદ

મારે કહેવું તે કેમ કરી કોઈને,
હું તો કાગળ લખું છું ફોઈને.

નામ મારું તમે પાડયું બકુલા ને,
ઘરનાં સૌ બકુડી કહે છે.

બકુડી તો ઠીક એક તોફાની છોકરો,
વાંદરી લખુડી કહે છે.

લેશન કરું ત્યારે મમ્મી બતાવે કામ,
પછી લખું બીજાનામાં જોઈને.

મારે કહેવું તે કેમ કરી કોઈને,
હું તો કાગળ લખું છું ફોઈને.

ત્રીસ બે બત્રીસ ભણાવે માસ્તર,
અને મમ્મી તો ત્રગડે બગડે.

પપ્પાને જઈને ફરિયાદ કરું તો,
પપ્પા તો સામેથી ઝઘડે.

કાકાને પૂછું તો આંખો બતાવે,
કાકી દિવસ કાઢે રોઈને.

મારે કહેવું તે કેમ કરી કોઈને,
હું તો કાગળ લખું છું ફોઈને.

# આજ મને એમ થાય

આજ મને એમ થાય;
તારો બની ઝબકું કે,
ચાંદો બની ચમકું.

આજ મને એમ થાય,
પીછું બની ફરકું કે,
સાગર બની છલકું.

આજ મને એમ થાય,
મોર બની ગ્હેકું કે,
ફૂલ બની મ્હેકું.

આજ મને એમ થાય,
હોડી બની તરું કે,
મોતી બની ઠરું.

આજ મને એમ થાય,
શીખું એકડે એકું કે,
વાછડું બની ઠેકું.

# ઝઘડો

ગાંઠ સૂરણની તગડી,
રીંગણ ઉપર બગડી.

ઝપાઝપી બાઝંબાઝી,
ભાજી જોઈને થાય રાજી.

રીંગણભાઈમાં જોર મળે ના,
વાળે બટાટો તોય વળે ના.

તુવેરબેન તમાસો ખોળે,
પાપડીબેન બેઠાં છે જોડે.

ગોળ ગોળ ટામેટાના ગાલ,
હસી હસીને થયા લાલ.

લડમ લડી ઝઘડમ ઝઘડી,
એટલામાં આવી બકરી;

બકરી રીંગણ ચાવી ગઈ,
ગાંઠ સૂરણની ફાવી ગઈ.

# બાબાભાઈ ગપ્પાટી

બાબાભાઈ ગપ્પાટી;
ખાવા માગે ચપ્પાટી.

એક દિવસની વાત છે;
કાળી કાળી રાત છે.

ઘરમાં થયો છાનો શોર;
બાબાભાઈએ દીઠો ચોર.

જોઈ બાબાએ પાડી બૂમ;
બાબાભાઈનું થયું ગૂમ.

બબડીને સૌ પોઢયાં;
ચોરે તાળાં તોડયાં.

સવારે સૌ જાગ્યાં;
ચોર શોધવાં ભાગ્યાં.

ચોર એમ કાંઈ મળે;
સૌ બાબાભાઈને લડે.

બાબાભાઈ રડી ગયા;
ઢીલા ઢફ પડી ગયા.

વાતના ભેદ ભૂલી ગયા;
ગપ્પાં મારવાં ભૂલી ગયા.

# મમ્મી મમ્મી દે રજા તો....

મમ્મી, મમ્મી દે રજા તો....
કિરણોની લઈ સીડી;
ઝટપટ ઝટપટ ચડું આભલે
તારલાને લઉં વીણી.
આભ મહીં વેરાયા જે
ઝબકી ઝબકી કરે ઈશારા;
આવ આવ કહીને બોલાવે
મજા કરીએ પપ્પુ પ્યારા.
મમ્મી મમ્મી દે રજા તો....
ભાઈના માટે બેનના માટે
ગજવાં ભરી લાવું;
મમ્મી મમ્મી લેજે ઝીલી
તારાનું ઝાડ હલાવું.
પરોઢિયે હું આવીશ પાછો
દ્વાર દેતી ના ભીડી.
મમ્મી મમ્મી દે રજા તો....
કિરણોની લઈ સીડી.

# મોટર

કાળી પીળી ધોળી મોટર;
ખાતી પેટ્રોલ પીતી વૉટર.
ભોં ભોં કરતી આગળ જાય,
ધુમાડો તો પાછળ જાય.
ડ્રાઈવર પાસે બેઠા પપ્પા;
પાછળ મમ્મી મારે ગપ્પાં.
બંદા બેઠા બારી પાસે;
જાય બધું સરકી ચોપાસે.
લાલ બત્તીમાં અટકી જાય;
લીલી બત્તીમાં સરકી જાય.
આગળ આગળ આવે ઢાળ;
ભરતી મોટર વેગે ફાળ.
બ્રેક મારીને ઊભી રાખો,
ભેળ–પૂરી ને ભજિયાં ચાખો.

# મોજાંનું સંગીત

પેલા ઘૂઘવતા સાગરની માંહી
    મોજાંનું સંગીત સમાય.

ડૂબકી મારો તો મોતી મળે
    કાંઠે ફરો તો છીપલાં જડે.

પાણી અથડાય પાણી ઉભરાય
પેલા ઘૂઘવતા સાગરની માંહી
    મોજાંનું સંગીત સમાય.

આકાશે જુએ જો પૂનમનો ચાંદ;
સાગર તો જાણે કે, ફરકંતુ પાંદ.
ઘેલો બનીને ગરબો એ ગાય.

પેલા ઘૂઘવતા સાગરની માંહી,
    મોજાંનું સંગીત સમાય.

# પરોઢિયું

કૂકડાની ડોકમાંથી નીકળે પરોઢિયું;
ઘુવડની આંખમાં પીગળે પરોઢિયું.
પતંગિયાંની પાંખે ફરકે પરોઢિયું;
પંખીની પાંખમાં ફફડે પરોઢિયું.
ધુમ્મસની રજાઈ ઓઢે પરોઢિયું;
ઘરને મોભારે બેસે પરોઢિયું.
સૂરજની છડી પોકારે પરોઢિયું;
પ્રકાશની પાંખે ઊડે પરોઢિયું.
ઘમ્મર વલોણામાં ઘમકે પરોઢિયું;
છાસમાં માખણ થઈ સરકે પરોઢિયું.

# પ્રભાતે

આછી આછી વાદળીઓમાં તારાઓની ભાત,
ગુલાબ જેવો દિવસ ખીલે પોયણાં જેવી રાત.
ધીરે ધીરે સંકેલાતા અંધારાના ઓળા,
દડબડ દડબડ દોડી આવે અજવાળાના ઘોડા.
પંખીઓ ઊડે આકાશે માળા ડાળે ઝૂલે;
પૂર્વ દિશાના દરવાજાઓ હળવે હળવે ઝૂલે.
લીલી લીલી પાંદડીઓમાં ખીલે પીળાં ફૂલ,
કુણી કુણી કૂંપળો પર ઝગવા લાગે ઝૂલ.
ઠંડો ઠંડો વાયુ વાતો ફોરમ ઠંડી ફરકે,
એકડો ઘૂંટતાં બાબાભાઈ મીઠું મીઠું મરકે.

# વાયરો

સુક્કાં સુક્કાં પાન ઉડાડે વાયરો,
લીલાં લીલાં પાન રમાડે વાયરો.

પાદરના લીમડા પર બેસે વાયરો,
બારીની તિરાડમાં પેસે વાયરો.

મોટાં મોટાં વહાણ ડૂબાડે વાયરો,
બાબાભાઈના વાળ ઉડાડે વાયરો.

બંધ બારણે ધક્કા મારે વાયરો,
પંખાને પણ એ ચલાવે વાયરો.

ધૂળની ડમરીમાં ઘૂમે વાયરો,
તાજાં તાજાં ફૂલ ચૂમે વાયરો.

માટીમાં જો મેલો થાય વાયરો,
રોજ નદીએ ન્હાવા જાય વાયરો.

# દિવાળીનાં જોડકણાં

તારામંડળ ચક્ ચક્;
કોઠી ફૂટે ભક્ ભક્.
હવાઈ ઊંચે ઊડે,
છોકરાં મીઠાઈ ઝૂડે.

ફૂટયાં નહીં તે સૂરસૂરિયાં,
ફૂદવા લાગે ફૂરફૂરિયાં.
જુઓ કેવા નીકળે સાપ!
છોકરાં કહે બાપ રે બાપ!

સાંજે શહેરમાં જઈશું,
ખાજા ધારી ખઈશું.
ખાજા ધારી તાજાં,
વાગે બૅન્ડ વાજાં.

# રંગમાં ભંગ

કોયલબેની ગાતાં
છોકરાં કેરી ખાતાં,

વાહ કોયલરાણી
જામી શી ઉજાણી.

આવ્યો ત્યાં એક કાગડો
ડાળે બેઠો નાગડો.

બોલ્યો આજે ગાઉં
છોકરાંને રીઝાવું.

રાગડો તાણ્યો 'કા'
કર્યો છોકરે 'ધા'

કાગડો કોયલ ઊડયાં
ગીત મજાનાં બૂડયાં

કાગડો મળ્યો નંગ
રંગમાં પડયો ભંગ.

# મને ગમે

મને પંખી ગમે જાત જાતનાં,
ભલે ઊડી આવે ભાત ભાતનાં.

મને ચકલી ગમે ચીં-ચીં કરતી,
એના ઠેકડામાં આંખડી ફરતી.

મને પોપટ ગમે મીઠું બોલતો;
નાનો ભઈલો એ સાંભળી ડોલતો.

મને કાબર ગમે કલબલતી;
મેં તો બાંધી પરબ છલછલતી.

મને લેલાં ગમે શોર કરતાં;
ભોળાં હોલામાં હૈયાંઓ ઠરતાં.

મને મોર ગમે કળા કરતો;
જાણે રાજા પંખીઓનો ફરતો.

# સમજે નહીં... ને

બોલતાં બોલતાં પકડાઈ જાય
જાને કહીને ભાગી જાય.

નાના અમથા રુચિરભાઈ
સમજે નહીં ને ગુસ્સે થાય.

બોલાવીએ તો બાડું જુએ,
વાંકા વાંકા બેસે.

મમ્મીને સૂતેલી જોઈ
પલંગ નીચે પેસે.

ચોપડીમાં માથું સંતાડી
રેડિયા સાથે ગાય.

નાના અમથા રુચિરભાઈ
સમજે નહીં...ને ગુસ્સે થાય.

# લાગે પ્યારા ... પ્યારા ...

ઝગમગ ઝગમગ તારા;
ફૂલના મ્હેકે ક્યારા.
લાગે પ્યારા.... પ્યારા....
વીજળીના ચમકારા;
પાંપણના પલકારા.
લાગે પ્યારા.... પ્યારા....
કલબલ કલબલ ચ્યારા;
નદી તણા કિનારા,
લાગે પ્યારા.... પ્યારા....
ઊંચા છે મિનારા;
ઉપર છે સિતારા.
લાગે પ્યારા.... પ્યારા....
હૈયે ગુંજે મારા;
દેશદાઝના નારા
લાગે પ્યારા.... પ્યારા....

# સૌને ગમશું

ડાહ્યાં થઈને સૌને ગમશું;
ફૂલની ડાળશાં નીચાં નમશું.

સારાં સારાં કામ કરીને;
સૌના દિલમાં વસતાં જઈશું.

રમતી વખતે રમી લઈશું;
વહેલા ઊઠી લેશન કરશું.

સંતાકૂકડી રમતાં રમતાં;
વાતો સાચી શોધતાં જઈશું.

ઊંચ નીચના ભેદ ભૂલીને;
સાથે રમશું સાથે જમશું.

હોય કશું જો આપણી પાસે;
થોડામાંથી થોડું દઈશું.

# ઝૂલતો ઝૂલો

રંગ બેરંગી ફૂલો;
વેલનો ઝૂલતો ઝૂલો.
બારમાસી મરક મરક;
બારે મહિના ફરક ફરક.
ગુલાબ મઘમઘ મ્હેકે;
મનના મોરલા ગ્હેકે.
મોગરો મનને ભાવે;
બેન વેણી બનાવે.
જૂઈ, ચંપો ને ચમેલી;
ડાળ આંબાની નમેલી.
જુઓ રાતની રાણી;
બેઠી ઘૂમટો તાણી.

# સૂરજ

ફૂકડે ફૂક કરતો સૂરજ;
ઉજાસ આંખે ભરતો સૂરજ.

ઝાકળ સાથે પ્રીત અનેરી;
ટીપે ટીપે રમતો સૂરજ.

ધરતી ધરતી ગગન ગગન;
પાણીમાં પથરાતો સૂરજ.

પતંગ જેવો ધીરે ધીરે;
ઊંચે ઊંચે ચગતો સૂરજ.

બાબા સાથે ઘરમાં કેવો;
ચાંદો ચાંદો રમતો સૂરજ.

ઊનો ઊનો થઈને પાછો;
સાંજે ટાઢો પડતો સૂરજ.

થાક્યા પાક્યા ખેડૂત જેવો;
સાંજે કેવો ઢળતો સૂરજ.

# માંગણી

હસતાં હસતાં મમ્મી બોલી,
માગો તે હું આપું.

મમ્મી તું લાવી દે
ચાંદામાંનું સસલું,

પહેરાવી દે પછી
વાદળ કેરું ડગલું.

ગાઉં તારાં ગીતો
નામો મોટાં છાપું,

આકળટીપે તરતો
સૂરજ દેને લાવી.

ચોકલેટનો છોડ તું
કૂંડે દેને વાવી.

લાવે જો તું આટલું
ના તને સંતાપું.

# બગલો અને ડગલો

એક હતો બગલો;
મળ્યો એને ડગલો.
ડગલો પહેરી મારે વટ;
જોઈને બધાં ભાગે ઝટ.
નીચી ડોકે કાચબો દોડે;
દેડકાને પણ લીધો જોડે.
માછલી તળિયે સરકી;
ના પછી એ ફરકી.
પાળે બેઠો સારસ;
જોયું એણે ફારસ.
રોકી સૌને બોલ્યો;
વાતનો ભેદ ખોલ્યો.
અરે! આ તો બગલો;
પહેર્યો એણે ડગલો.
કાઢી નાખી ડગલો,
ભાગવા લાગ્યો બગલો.

# કાગડાભાઈ

કાગડાભાઈ તો કાળા,
ચાલવામાં એ આડા.
આંગણામાં ઓટલી;
ઓટલી પર રોટલી.
કાગડાભાઈ મારે ઝડપ,
રોટલીને કરે હડપ.
બાંધે ના એ માળા,
કાગડાભાઈ તો કાળા.
ચપળતામાં ચડી જાય;
પથ્થર લો તો ઊડી જાય.
છોકરાં પાડે ચાળા,
કાગડાભાઈ તો કાળા.

# કાગળની હોડી

કાગળની હું હોડી કરું;
ટબનું તો હું તળાવ કરું.
ઊંડાં ઊંડાં પાણી આવે;
મગરમામા સામા આવે.
લગરીકે ના હું તો ડરું,
કાગળની હું હોડી કરું.
દૂર દૂર પાણીમાં જાઉં;
મોટાં મોટાં કમળ લાવું.
કાચબા સાથે વાતો કરું.
સર્‌ર્‌ સર્‌ર્‌ હોડી હાંકું,
ગજવામાંથી ચણા ફાકું.
તરતો તરતો પાછો ફરું,
કાગળની હું હોડી કરું.

# સંતાકૂકડી

આંગણામાં બાબો રમે સંતાકૂકડી;
વાદળમાં ચાંદો રમે સંતાકૂકડી.

પવનમાં પાંદડાં રમે સંતાકૂકડી;
આકાશે વાદળાં રમે સંતાકૂકડી.

દરિયામાં માછલાં રમે સંતાકૂકડી;
રેતીમાં છીપલાં રમે સંતાકૂકડી.

ઘાસમાં સસલાં રમે સંતાકૂકડી;
પાણીમાં બગલાં રમે સંતાકૂકડી.

ઝાકળમાં સૂરજ રમે સંતાકૂકડી;
નાનો નાનો નીરજ રમે સંતાકૂકડી.